ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 14th May, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
............................................,
ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, સંચાલિત એમ. એન. એચ. દોશી મિડલ સ્કુલ ખાતે

## પાલિતાણા તાલુકાની આસપાસના ૧૪ જેટલા ગામના વિવિધ ૧૧૪ વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વેકેશન વર્કશોપ યોજાયો.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેકનોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રહેલ અદ્વિતીય પ્રતિભાને બહાર લાવવા અને એમના જ્ઞાનને ગમ્મત સાથે વધારે બહોળું બનાવવાના હેતુ સહ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વિવિધ શાળાઓ ખાતે વેકેશન સમય દરમિયાન અવનવાં રસપ્રદ વિષયો સાથે વેકેશન વર્કશોપનું આયોજન કરે છે.

પાલીતાણા તાલુકાના વિદ્યાર્થીઓ માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, સંચાલિત એમ. એન. એચ. દોશી મિડલ સ્કુલ ખાતે તા.૧૨થી ૧૪ મે ૨૦૨૨ દરમિયાન ત્રિદિવસીય વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના પ્રતિનિધિ શ્રી હર્ષદ જોષી અને શ્રી દેવ્યાનીબેન જોષી દ્વારા ૧. પ્રકાશનું પરાવર્તન, ૨. કાગળની કરામત અને ૩. વિજ્ઞાનની મજા વિષયો પર વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી.

આ કાર્યશાળામાં પાલિતાણા તાલુકાની આસપાસના ૧૪ જેટલા ગામના વિવિધ ૧૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૪/૫/૨૨

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar